# ધોરણ - 2 ગુજરાતી

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| G201 જોડકણાં અને ગીતો ગાય છે.<br>G202 વાર્તાકથન કરે છે.<br>G203 વસ્તુઓના ગુણધર્મોને આધારે વર્ગીકરણ કરે છે.<br>G204 દિશાઓ ઓળખે છે.<br>G205 સાંભળેલી અને વાંચેલી વિગતોમાંથી મુખ્ય વિચાર સમજે છે.<br>G206 વિગતને અનુરૂપ પ્રશ્નોના મૌખિક અને લેખિત જવાબ આપે છે.<br>G207 જોડાક્ષર સહિતના શબ્દો અને વાક્યો લખે છે. (અનુલેખન અને શ્રુતલેખન)<br>G208 નવા શબ્દોના અર્થ જાણે છે.<br>G209 પશુ-પક્ષીઓ અને જંતુઓના રહેઠાણો વિષે જણાવે છે.<br>G210 પરિચિત વ્યવસાયોની વિશેષતાઓ જણાવે છે.<br>G211 સ્થાનિક વનસ્પતિ વિશે જણાવે છે.<br>G212 રાષ્ટ્રગીત ગાય છે.<br>G213 આહારના સંદર્ભમાં સારી-નરસી ટેવો વિશે સમજે છે.<br>G214 વનસ્પતિના વિવિધ ભાગો અંગે જણાવે છે.<br>G215 સાંભળેલી સૂચના મુજબ ચિત્ર દોરે છે.<br>G216 શબ્દો વચ્ચે યોગ્ય જગ્યા છોડી સરળ/ટૂંકાં વાક્યો લખે છે.<br>G217 વાર્તાની ઘટનાઓનો ક્રમ સમજે છે.<br>G218 કાવ્યો/વાર્તાઓ અને પાત્રો વિશે ભાવાત્મક પ્રતિભાવ આપે છે.<br>G219 વાર્તા અંગે પ્રશ્નો પૂછે છે.<br>G220 શિક્ષક વડે મોટેથી વંચાતી સામગ્રી ધ્યાનથી સાંભળીને સમજે છે. | ગીત<br>જોડકણાં<br>રાષ્ટ્રગીત<br>વાર્તા<br>રમતો<br>દિશાઓ<br>વાતચીત<br>પ્રશ્નોત્તરી<br>અનુલેખન<br>શ્રુતલેખન<br>સ્વતંત્ર લેખન<br>શબ્દરમત<br>વાતચીત<br>અનુલેખન<br>જુદાં જુદાં રહેઠાણો<br>વિવિધ વ્યવસાયો<br>વનસ્પતિ<br>રાષ્ટ્રીય પર્વો<br>ખોરાકની ટેવો<br>વનસ્પતિના વિવિધ ભાગ | • ગીતો, જોડકણાં વ્યક્તિગત અને સમૂહમાં અભિનય સાથે ગવડાવવાં.<br>• રાષ્ટ્રગીતનું પઠન- ગાનનો મહાવરો કરાવવો.<br>• વાર્તાના અનુભવો પૂરા પાડવા.<br>• રમતો રમાડવી – સહભાગી બનાવવા.<br>• વિવિધ વર્ગીકરણનાં અનુભવો પૂરા પાડવા.<br>• સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા સર્જન શક્તિ ખીલવવી.<br>• દિશાઓની જાણકારી આપવી.<br>• શાળા અને શાળા બહારના સંવાદ સંભળાવવા.<br>• નાના વાકયોનું અનુલેખન કરાવવું.<br>• વર્ગખંડમાં મુખર વાંચન કરાવવું.<br>• નાના ફકરાઓ વાંચી સંભળાવવા અને સંદર્ભ પ્રશ્નોત્તરી કરવી.<br>• શ્રુતલેખન કરાવી, ચકાસી માર્ગદર્શન આપવું.<br>• વર્ણનાત્મક વાકયોની સમજ આપી લેખન કરાવવું.<br>• વિવિધ પ્રયુક્તિથી શબ્દભંડોળનો વિકાસ કરાવવો<br>• પ્રત્યક્ષ રહેઠાણ કે એમ કરવું શકય ન હોય તો ચાર્ટ્સ બનાવવા.<br>• વ્યવસાયકારોની મુલાકાત કરાવવી.<br>• શાળા અને ઘરની આસપાસ થતી વનસ્પતિઓની ઓળખ કરાવવી.<br>• રાષ્ટ્રીય પર્વોની ઉજવણીમાં વિવિધતાસભર કાર્યક્રમોમાં ભાગીદારી કરાવવી.<br>• ખોરાકનું મહત્વ સમજાવવું.<br>• ભોજનની સારી ખરાબ ટેવ વિશે માર્ગદર્શન આપવું.<br>• વનસ્પતિની પ્રત્યક્ષ ઓળખ કરાવવી અને વિવિધ ભાગોની જાણકારી આપવી. |

DRAFT